# કેટલા ટકા વ્યવસાય શરૂ કરવાની સારી તક હોવાનું માને છે ?

Gujarat Exclusive |December 23, 2021 | www.gujaratexclusive.in

==================================================================================



- EDIIએ ઉદ્યોગસાહસિકતાનાં ક્ષેત્રની ગતિશીલતા પર સૌથી મોટો અભ્યાસ રજૂ કર્યો
- ભારતમાં આશરે 45 ટકા ઉદ્યોગસાહસિકોએ નવી વ્યવસાયિક તકો અજમાવી હતી
- 22.5 ટકા ઉદ્યોગ સાહસિકોએ મહામારી દરમિયાન ઓનલાઇન ટ્રેડિંગમાં કામગીરી વધારી હતી

**ગાંધીનગર:** કોવિડ-19 મહામારીને કારણે મુશ્કેલીઓ ઊભી થઇ હોવા છતાં 82 ટકા લોકો વ્યવસાય શરૂ કરવાની સારી તક હોવાનું માને છે. જોકે યુવા પેઢીમાં નિષ્ફળતાનો ડર પણ 1 ટકા વધ્યો છે એટલે કે વર્ષ 2019-20માં 56 ટકાથી વધીને 2020-21માં 57 ટકા થયો છે. તે જ રીતે ઉદ્યોગ સાહસિકતાના ઇરાદાની ટકાવારીમાં પણ ઘટાડો નોંધાયો હોવાનું અભ્યાસ દરમિયાન જાણવા મળ્યું છે.

2021: ધ ગ્લોબલ આંતરપ્રિન્યોરશિપ મોનિટર (GEM) સર્વે દુનિયામાં ઉદ્યોગસાહસિકતાના ક્ષેત્રમાં થતી ગતિશીલતાનો સૌથી મોટો વાર્ષિક અભ્યાસ છે. આંતરપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઇન્ડિયા (EDII), અમદાવાદે નેશનલ ટીમ લીડર તરીકે અને રિપોર્ટના મુખ્ય લેખક તરીકે EDIIના **ડિરેક્ટર જનરલ ડો. સુનિલ શુક્લા** સાથે GEM ઇન્ડિયા સર્વે હાથ ધર્યો હતો. ધ GEM ઇન્ડિયા 2020-21 રિપોર્ટ તાજેતરમાં બહાર પડ્યો હતો, જેમાં ભારતીયો વચ્ચે ઉદ્યોગસાહસિકતાના ચાવીરૂપ પાસાં સમજાવવામાં આવ્યાં છે. આ માટે ભારતીય ઉદ્યોગસાહસિકોના અભિગમો, કામગીરીઓ અને આકાંક્ષાઓને ધ્યાનમાં લેવામાં આવી છે. રિપોર્ટના તારણો નીતિ નિર્માતાઓને વર્તમાન અને સંભવિત નીતિઓની સમીક્ષા કરવા માટે પાયો પૂરો પાડે છે. આ રિપોર્ટમાં 3,317 પુખ્તો અને રાષ્ટ્રીય સ્તરના નિષ્ણાતોના સેમ્પલ સર્વેનો ઉપયોગ થયો છે.

**આંતરપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઇન્ડિયા (EDII)** દ્વારા હાથ ધરવામાં આવેલા ઉદ્યોગસાહસિકતા પરના રાષ્ટ્રવ્યાપી સર્વમાં જાણકારી મળી છે કે, કોવિડ-19 મહામારીને કારણે મુશ્કેલીઓ ઊભી થઇ હોવા છતાં 82 ટકા લોકો વ્યવસાય શરૂ કરવાની સારી તક હોવાનું માને છે. ધ ગ્લોબલ આંતરપ્રિન્યોરશિપ મોનિટર (GEM) રિપોર્ટ 2020-21 પણ જણાવે છે કે, 82 ટકા યુવાનો માને છે કે, તેઓ વ્યવસાય શરૂ કરવા પર્યાપ્ત કુશળતાઓ અને જાણકારી ધરાવે છે. 47 અર્થતંત્રોમાંથી

ભારત સંબંધિત તકો માટે ત્રીજું સ્થાન ધરાવે છે. રિપોર્ટ દેશમાં ઉદ્યોગ સાહસિકતાની સિસ્ટમ પર મહામારીની અસર પર ઉપયોગી જાણકારી પણ પ્રદાન કરે છે.

રિપોર્ટ મુજબ, યુવા પેઢીમાં નિષ્ફળતાનો ડર 1 ટકા વધ્યો છે એટલે કે વર્ષ 2019-20માં 56 ટકાથી વધીને 2020-21માં 57 ટકા થયો છે. વળી આ રિપોર્ટ એવું પણ સૂચવે છે કે, ઉદ્યોગ સાહસિકતાનો ઇરાદો વર્ષ 2019-20માં 33.3 ટકાથી ઘટીને 2020-21માં 20.31 ટકા થયો છે. એ જ રીતે, ટોટલ અર્લી-સ્ટેજ આંતરપ્રિન્યોરિયલ એક્ટિવિટી (TEA)ને પણ મહામારીને કારણે માઠી અસર થઈ હતી અને 2020-21માં ઘટીને 5.32 ટકા થઈ હતી, જે અગાઉના વર્ષમાં 15 ટકા હતી.

નોંધપાત્ર બાબત એ છે કે, TEA 18થી 64 વર્ષની વયજૂથમાં વ્યક્તિઓની કુલ ટકાવારી છે, જેઓ પ્રાથમિક તબક્કાના ઉદ્યોગસાહસિકો છે અથવા નવા વ્યવસાયોના માલિકો/મેનેજરો છે. ઉપરાંત તારણો જણાવે છે કે, મહામારીએ દેશમાં ઉદ્યોગસાહસિકતાની કુલ પ્રવૃત્તિઓને નકારાત્મક અસર કરી છે. જોકે યુવાન મહિલાઓમાં આ અસર વધારે થઈ છે. મહિલા ઉદ્યોગસાહસિકતાની પ્રવૃત્તિઓમાં 79 ટકા સુધીનો ઘટાડો થયો છે, તો પુરુષ ઉદ્યોગસાહસિકતાની પ્રવૃત્તિઓમાં 53 ટકાનો ઘટાડો થયો છે. રિપોર્ટમાં એવો સંકેત પણ મળ્યો છે કે, મહામારીએ કુટુંબની આવક પર પણ માઠી અસર કરી હતી. ભારતમાં આશરે 44 ટકા યુવાનોનો મત છે કે, તેમની કુટુંબની આવકને મહામારીથી અસર થઈ છે. રિપોર્ટમાં કેટલાંક ચાવીરૂપ નીતિગત સૂચનો પણ કરવામાં આવ્યાં છે, જે દેશમાં ઉદ્યોગસાહસિકતાની ઇકોસિસ્ટમને જાળવી રાખશે અને પ્રોત્સાહન આપશે. આ સૂચનોમાં સ્કૂલ અને કોલેજ સ્તરે ઉદ્યોગસાહસિકતાનું શિક્ષણ, સરકારનો બહોળો ટેકો, ઉદ્યોગસાહસિકતામાં સંશોધન અને નીતિગત સમર્થન તથા વ્યવસાયિક માર્ગદર્શકો મોટી સંખ્યામાં ઊભા કરવા જેવી બાબતો સામેલ છે.

GEM ઇન્ડિયાના ટીમ લીડર અને EDIIના ડિરેક્ટર જનરલ ડો. સુનિલ શુક્લાએ કહ્યુ હતું કે, "ઉદ્યોગસાહસિકતા સતત આર્થિક વૃદ્ધિ માટે ચાવીરૂપ પરિબળ બની ગયું છે અને રોજગારીની તકો ઊભી કરવાની પ્રચૂર સંભાવના ધરાવે છે. દેશની અંદર ઉદ્યોગસાહસિકતા માટેની માનસિકતા વિકસાવવી દુનિયાભરની સરકારો અને સમાજો માટે મુખ્ય ઉદ્દેશ બની ગયો છે. ભારતીય સંદર્ભ અને એના સામાજિક-આર્થિક પડકારો તેમજ એની સાઇઝ અને સ્કોપના સંદર્ભમાં ઉદ્યોગસાહસિકતાના વિકાસ માટે સર્વાંગી અભિગમ દેશની સામાજિક-આર્થિક પૃષ્ઠભૂમિમાં પરિવર્તન લાવી શકે છે."

GEM ઇન્ડિયાના સભ્ય અને EDIIના ફેકલ્ટી **ડો. અમિત દ્વિવેદીએ** કહ્યું હતું કે, "GEM ઇન્ડિયા રિપોર્ટ 2020-21 શિક્ષાવિદો, સંશોધકો, નીતિનિર્માતાઓ અને વ્યવસાયિકોને વ્યાપક સ્તરે ઉદ્યોગસાહસિકતાના વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરવાની સાથે આર્થિક વૃદ્ધિને વેગ આપવા ઉચિત કામગીરી કરવા મદદરૂપ થઈ શકે એવું ડેટા વિશ્લેષણ પ્રદાન કરે છે." GEM ઇન્ડિયાના સભ્ય અને EDIIના ફેકલ્ટી **ડો. પંકજ ભારતી** માને છે કે, મહામારીએ ભારત સહિત મોટા ભાગના દેશોમાં વ્યવસાય અને ઉદ્યોગસાહસિકતાને માઠી અસર કરી છે, જેમાં ગયા વર્ષની સરખામણીમાં દેશમાં સક્ષમ પરિબળો નબળાં પડ્યાં છે. જોકે તેમણે ભાર મૂક્યો હતો કે, તમામ પરિબળોને માઠી અસર થઈ નથી.

https://gujaratexclusive.in/edii-presented-the-largest-study-on-the-dynamics-of-the-field-of-entrepreneurship/